# હિંમતનગર ટાઉન પોલીસ સ્ટેશન ભ્રષ્ટ્રાચારનું એ.પી. સેન્ટર બની ગયુ છે..!

## ગ્રામ પંચાયતની ચૂંટણી માટે જરૂરી દાખલા માટે મહિલાઓને પણ ધકકે ચઢાવવામાં આવતા હોવાની રાવ : ગાંધીનગર એ.સી.બી. દ્વારા ઉચ્ચકક્ષાએ તપાસ થાય તેવી લોકલાગણી

હિંમતનગર, તા. ૧૭


ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ભલે મહિલાઓને ચૂંટણીઓમાં પુરૂષોની સમક્ષ સ્થાન આપી મહિલાઓને આગવુ પ્રદાન આપવાની વાત કરતા હોય પરંતુ વાસ્તવિક પરિસ્થિતિ જોતાં મુખ્ય મંત્રીના આઅભિગમ સામે ચેલેન્જ કરતા બનાવોહિંમતનગર ટાઉન પોલીસ સ્ટેશન ઉપર નજર નાખીએ તો જણાઈ આવે છે મુખ્યમંત્રી રાજકારણ અને નોકરીઓમાં મહિલાઓને બરાબરીના ભાગીદાર બનવવા માગે છે. ત્યારે તેની બીજી બાજુ હિંમતનગર ટાઉન પોલીસ સ્ટેશનમાં ગ્રામપંચાયતની ચૂંટણીમાં ઉમેદવારી કરવા માગતી મહિલાઓને કોઈ ગુન્હામાં છંડોવાયેલ નથી તેવા જરૂરી દાખલા માટે પણ ધકકે ચઢાવવામાં આવે છે. અને પૈસાની ખુલ્લે આમ માગણી થાય છે. ત્યારે પોલીસ સ્ટેશનમાં ચાલતા ભ્રષ્ટ્રાચારને ડામવા માટે ગાંધીનગર એ.સી.બી. દ્વારા તપાસ થાય તેવી લોકલાગણી ઉભી થવા પામી છે.


હિંમતનગર ટાઉન પોલીસ સ્ટેશનમાં દાખલાઓ માટે મહિલાઓને ધકકે ચઢાવવામાં અને પૈસાની માગણી થતી હોવાની મળેલ વિગત અનુસાર ૩ ફેબ્રઆરીએ સાબરકાંઠા જિલ્લાની ૧૪૨ ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાનાર છે. જેમાં હિંમતનગર તાલુકાની ૧૭ ગ્રામપંચાયતોના ૧૩૭ વોર્ડની પણ ચૂંટણી યોજાનાર છે. ૨૧ જાન્યુઆરી ઉમેદવારી સ્વીકારવાની છેલ્લી તારીખ હોઈ ચૂંટણી લડવા માગતા સરપંચો અને સભ્યો ઉમેદવારી પત્ર ભરવા માટે તેઓ કોઈ ગુન્હામાં સંડોવાયેલ નથી તેવા પોલીસ સ્ટેશનના દાખલાની જરૂર પડતી હોઈ તે દાખલો મેળવવા હિંમતનગર ટાઉન પોલીસ સ્ટેશને જતાં દાખલો કાઢી આપવામાં ઠાગાઠૈયા કરવામાં આવતા હોવાની વ્યાપક ફરીયાદો ઉમેદવારોમાં ઉઠવા પામી છે. મહિલા ઉમેદવારોને પણ દાખલા માટે ધકકે ચઢાવવામાં આવતા હોવાની તેમજ પૈસાની માગણી થતી હોવાની બુમો ઉઠી રહી છે ત્યારે એ.સી. બી.વિભાગે કોઈની ફરીયાદની રાહ જોયા વગર ટાઉન પોલીસ સ્ટેશનમાં ચાલતા ભ્રષ્ટ્રાચારને નાથવા અસર કારક પગલા લેવા જોઈએ તેવી પ્રજાની બુલંદ માગ ઉઠી છે.

છેલ્લા ગણા સમયથી હિંમતનગર શહેર અને તેના આજુ-બાજુના વિસ્તારને તસ્કરોએ જાણે કે બાનમાં લીધો હોય તેમ રોજ બરોજ ઘરફોડ ચોરીઓને અંજામ આપી રહયા છે. છેલ્લા એક વર્ષમાં સેંકડો ઘરફોડ ચોરીઓ પોલીસ દફતરે નોંધાઈ છે. પરંતુ એક પણ ચોરીનો ભેદ પોલીસ ઉકેલી શકી નથી જે પોલીસ માટે શરમજનક અને લોકો માટે ચિંતાનો વિષય છે. દારૂની બદી પણ માઝા મુકી રહી છે. દારૂડીયાઓની બદસલુકીથી લોકો વાજ આવી ગયા છે. છતાં હપ્તા ખાવામાં મશગુલ પોલીસને પ્રજાની કોઈ જ પરવા નથી કેવુ કહેવાય ..!

# ડીસામાં પતિ-પત્નિ સહિત બે પુત્રીઓ પૂવજયાના માર્ગે

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)





ડીસા, તા. ૧૭

ડીસા શહેરની નેમિનાથ સોસાયટીમાં રહેતા જૈન પરિવારના ચાર સભ્યો સામુહીક રીતે જૈન ધર્મ થકી મોક્ષ ગતી પામવા અને સાંસારીક મોહ માયાથી અળગા રહી જૈન ધર્મને સમર્પીત થયા હતાં. પરિવારના ચાર સભ્યોમાં પતિ-પત્નિ અને બંન્ને પુત્રીઓએ આજે ગુરૂવારે મોટી સંખ્યામાં પધારેલા જૈન આચાર્ય-અને ભગવંતોની નિશ્રામાં સામુહીક રીતે દીક્ષા અંગીકાર કરી હતી.

આ ઐતિહાસીક ધાર્મીક પ્રસંગની વિગતો જોઈએ તો વહેપારી નગર સાથે જૈન નગરી દેશ ભરમાં ખ્યાતનામ બનેલ ડીસા શહેરમાં આજે યોજાયેલા એક દીક્ષા અંગીકારના ધાર્મીક પ્રસંગમાં એકજ પરિવારના ચાર સભ્યોએ દીક્ષા અંગીકાર કરી હતી. આ પરિવારના સભ્યોની સામૂહીક દીક્ષા અંગીકાર પ્રસંગે મોટી સંખ્યામાં જૈન સાધુ-ભગવંતો-આચાર્યો ડીસાના આંગણે પધાર્યા હતાં. શહેરની નેમીનાથ નગર સોસાયટીમાં રહેતા યોગેશકુમાર શાંતિલાલ શાહ તેમની પત્ની રક્ષાબેન યોગેશકુમાર શાહ તેમજ બે પુત્રીઓ જીનલબેન યોગેશકુમાર અને શ્રેયલબેન યોગેશકુમાર શાહે જૈન શાસનના પ્રભાવ અને સાધુ-ભગવંતોના સથવારાથી સમગ્ર પરિવાર સાથે સંસારનો માર્ગ ત્યજી દીક્ષા ગ્રહણ કરી સંયમનો માર્ગ અપનાવવાનું ની કર્યું છે. તેઓને દીક્ષા માટે પાવન નિશ્રા પુરી પાડવા જૈનાચાર્ય પ.પૂ. યશોવિજયજી મ.સા., પ.પૂ. રત્નચંદ્ર સુરિશ્વરજી મ.સા., પ.પૂ. ઉપધ્યાય મહાવરાવિજયજી મ.સા. તેમજ આદીઠાણા ડીસા નગરે આવી પહોંચતા તેઓનું ડીસાના સરદાર બાગ ખાતે પરિવાર દ્વારા ભવ્ય સ્વાગત સામૈયું કરવામાં આવ્યું હતું. દીક્ષાર્થી મુમુક્ષઓનો બુધવારે નેમિનાથ નગર સોસાયટીથી વર્ષીદાનનો વિશાળ વરઘોડો યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં જૈન-જૈનેતર ભાઈ-બહેનો જોડાયા હતાં. જેમાં આજ ગુરૂવારના રોજ યોજાયેલ દીક્ષા પ્રસંગમાં સમગ્ર પરિવાર જનોની હાજરીમાં સામુહીક રીતે પતિ-પત્નિ અને બંન્ને પુત્રીઓ એક સાથે દીક્ષા અંગીકાર કરી હતી. જવલ્લેજ બનતી આ ધાર્મીક ઘટનામાં ભક્તિરસથી પ્રેરાઈ મોટી સંખ્યામાં જૈન આચાર્ય-ભગવંતો તથા જૈન સમાજના ભાઈ-બહેનો જોડાયા હતાં.

## ડીસામાં માતાજીના રમતા મુકેલ બકરાની બબાલ : ચોરાયેલો બકરો જીવદયા પ્રેમીઓએ બચાવ્યો

ડીસા. તા. ૧૭

ડીસા તાલુકાના માણેકપુરા ગામે આવેલ જોગણી માતાના મંદીરે શ્રધ્ધાળુઓ માનતાં પુરી કરવાં બકરાઓ રમતા મુકે છે. જોકે આ બકરાઓ અચાનકજ ગાયબ થવા લાગતાં સ્થાનીક લોકોએ તપાસ હાથ ધરી હતી. જેમાં ચોંકાવનારી વિગતોએ બહાર આવેલ કે આ બકરાઓ કેટલાક ડીસા વિસ્તારના કસાઈઓ ચોરી કતલખાને લઈ જાય છે. આ બાબતની જીવદયા પ્રેમીઓને પણ જાણ થતાં તેવોએ ચોરાયેલો બકરો પરત મેળવ્યો હતો. અને આ મામલે ડીસા તાલુકા પોલીસ મથકને જાણ કરતાં ચકચાર મચ્યો હતો.

જે અંગે માહીતી આપતા જીવદયા પ્રેમી ભરતભાઈ કોઠારીએ જણાવેલ કે ડીસા તાલુકાના માણેકપુરા ગામે જોગણીમાતાનું પ્રસીધ્ધ મંદીર આવેલ છે. આ જગ્યાએ માતાની બાધા આખડી પુરી કરવા ભાવિકજનો જીવદયાથી પ્રેરાઈ રમતાં બકરા મુકે છે. જોકે છેલ્લા એકાદ માસથી આ બકરાઓ પૈકીના છ બકરા ગુમ થયા હતાં. જેથી ગામના સરપંચ અને જોગણીમાતા મંદીર ટ્રસ્ટના આગેવાનોએ તપાસ કરી હતી જેમાં કેટલાક ખાટકીઓ ગાડીમાં આવી આ બકરાઓ ચોરી કરી કતલખાને લઈ જતાં હતાં. જેમાં ગ્રામજનોએ અમને જાણ કરતાં અમોએ એક બકરાને એસ્ટીમ કારની ડીકીમાંથી બહાર કાઢી કતલખાને લઈ જતા બચાવ્યો હતો. આ મામલે ડીસા તાલુકા પોલીસને જાણ કરાયેલ છે. તેવું જણાવ્યું હતુ.

જ્યારે બીજી તરફ માતાજીના માનતાના રમતા બકરા ચોરી કરી કતલખાને લઈ જવાની જાણ સમગ્ર ગ્રામજનોને થતાં આ મામલો ભારે ચર્ચા સ્પદ બનેલ છે.

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)



## ડીસાના કંસારીગામ પાસેથી ૫૭ હજારનો વિદેશી દારૂ ઝડપાયો

ડીસા તાલુકાના કંસારીગામ પાસેથી આજે જીલ્લા એલ.સી.બી. તેમજ જીલ્લા એસ.ઓ.જી. ટીમે એક સંયુક્ત દરોડામાં શકમંદ સ્કોરપીયો ગાડી ઝડપીપાડી હતી. આ ગાડીમાંથી પરપ્રાંતીય બનાવટનો રૂા. ૫૭ હજાર ચારસોનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. આ મામલે ડીસા તાલુકા પોલીસ મથકે ભાગેડુ જીપ ચાલક વિરૂધ્ધ ગુનો દાખલ થયેલ છે. ડીસાના કંસારીગામ પાસે જીલ્લા એલ.સી.બી. પી.આઈ. જી.આર. રબારી તેમજ એસ.ઓ.જી. પી.એસ.આઈ. એસ.એમ. ગઢવી વાહન ચકાસણી કરી રહ્યા હતાં. તે દરમ્યાન એક શકમંદ સ્કોરપીયો ત્યાથી પસાર થઈ હતી. આ જીપનો પોલીસે પીછો કરતા તેનો ચાલક જીપ મુકી ફરાર થઈ ગયો હતો. પોલીસે તે બાદ પંચો રૂબરૂ આ ગાડીની તપાસ કરતાં તેમાંથી પરપ્રાંતીય બનાવટનો દારૂ તેમજ બિયરનો ૩૩૬ બોટલ જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂના જથ્થાની કિંમત રૂા. ૫,૭૪૦૦ તેમજ ગુનાના કામમાં વપરાયેલ સ્કોરપીયો ગાડીની કિંમત રૂા. બે લાખ ગણી કુલ રૂા. ૨,૫૭,૪૦૦નો મુદામાલ તપાસ અર્થે કબજે કરેલ છે. આ મામલે ડીસા તાલુકા પોલીસે ભાગેડુ જીપ ચાલક વિરૂધ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે.

# પ્રાંતિજ તાલુકાના ઓરણ પાટીયા પાસે મોડી રાત્રે ટ્રકચાલકની હત્યા

પ્રાંતિજ, તા. ૧૭

પ્રાંતિજના તાજપુર કુઈ ગામ નજીક આવેલ એક હોટલ પાસે ગત મોડી રાત્રે રાજસ્થાનથી ત્રણ ટ્રકો રાત્રિ રોકાણ માટે ઉભી હતી તે દરમિયાન ત્રણ પૈકી એક ટ્રકના ચાલકની હત્યા થઈ જતા ભારે ચકચાર મચી જવા પામી હતી. આ મામલે પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી ટ્રક ડ્રાઈવરના હત્યારાઓની શોધખોળ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ તાલુકાના તાજપુર કુઈ ગામ નજીક ઓરણ પાટીયા પાસે આવેલ હોટલ આગળ રાત્રિના સમયે રાજસ્થાનથી ટ્રકો લઈ આવેલા ત્રણ ટ્રક ડ્રાઈવરો રાત્રિ રોકાણ માટે રોકાયા હતા. દરમિયાન ત્રણ પૈકી ૧ ટ્રક નં. જીજે-૧૨-એવી-૧૦૦૫ના ચાલક મોહનસિંહને કોઈ અજાણ્યા

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)



ઈસમો હત્યા કરી નાંખી હતી. જ્યારે બીજા ટ્રકનો ડ્રાઈવર સવારે જાગી જતા બુમાબુમ કરી હતી જેથી હોટલ માલીકે ટ્રકચાલકોને અહીંથી ચાલ્યા જવાનું કહી ટ્રકચાલકના મૃતક ડ્રાઈવરને એક કિલો મીટર દૂર મુકી આવ્યા હતા. આ ઘટના અંગે પ્રાંતિજ પોલીસને જાણ થતાં પ્રાંતિજ પોલીસના પી.આઈ. ઉપાધ્યાય ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને હત્યા સંદર્ભે ગુનો નોંધી હત્યારાઓની સઘન શોધખોળ હાથ ધરી છે.

## સી.એન.જી.ના ભાવ વધારાના વિરોધમાં ૨૧મીએ હિંમતનગરમાં રિક્ષાના પૈડા થંભી જશે

હિંમતનગર, તા. ૧૭

સી.એન.જી. કંપનીઓ દ્વારા ગેસના ભાવમાં વધારો કરવામાં આવતા તેમજ રિક્ષા એસો.ની પડતર માગણીઓ ન ઉકેલાતા સાબરકાંઠા જિલ્લા ઓટોરિક્ષા એસોસિએશન તા. ૨૧મી જાન્યુઆરીએ હડતાળ પાડી વિરોધ દર્શાવશે જો કે આ હડતાળના કારણે અને દિવસ માટે હિંમતનગરમાં રિક્ષાઓના પૈડા થંભી જશે અને તેની સીધી અસર મુસાફરોને થશે.

આ અંગે સાબરકાંઠા જિલ્લા ઓટોરિક્ષા એસો.ના પ્રમુખ મનુભાઈ રાજપુતે સી.એન.જી. ગેસના ભાવમાં અવારનવાર ભાવ વધારો થતો રહે છે. ભાવ વધવાના કારણે રિક્ષા ચાલકો તેમજ રિક્ષા માલિકો જો વધુ ભાડુ માગે તો મુસાફરો સાથે સંઘર્ષ થાયછે. જો ભાડામાં વધારો કરવામાં ન આવે તો રિક્ષાચાલકોને કમરતોડ બોજ પડી રહ્યો છે. વધુમાં રિક્ષાચાલકોના પ્રશ્નો ઉકેલવામાં જિલ્લાના વહીવટીતંત્રને રસ ન હોય તેમ લાગી રહ્યું છે તંત્ર સમક્ષ અનેકવાર રજૂઆત કરવા છતા પાર્કિંગ, રિક્ષા સ્ટેન્ડ, ફાળવવા તેમજ અન્ય પ્રશ્નો બાબતે નિરાકરણ થઈ શકાયુ નથી જેથી સી.એન.જી.ના ભાવવધારા તેમજ પડતર પ્રશ્નોના વિરોધમાં તા. ૨૧મી જાન્યુઆરીના રોજ રિક્ષાચાલકો હડતાળ પાડશે જે અંતર્ગત હિંમતનગરના બસસ્ટેન્ડ સામે રિક્ષાચાલકો બપોરે ૧૨ કલાકે એકત્ર થશે અને રેલી યોજી કલેક્ટરને આવેદનપત્ર આપશે.

# તલોદ ખાતે મેશ્વાતડ દરજી સમાજના આઠમા સમુહલગ્નનું ભવ્ય આયોજન

તલોદ, તા. ૧૭

તલોદના સલાટપૂર ચાર રસ્તા પાસે આવેલ ઉમીયા મંદિર ટ્રસ્ટની વાડીમાં શ્રી મેસ્વાતડ દરજી સમાજનો આઠમો સમુહલગ્ન મહોત્સવનું આયોજન હાથ ધર્યું છે. શુક્રવાર તા. ૧૮-૧-૧૩ના રોજ યોજાનાર આ પ્રસંગ અનુરૂપ ભવ્ય તૈયારીઓ પૂર્ણતાના આરે છે. મોટી સંખ્યામાં સમાજની વ્યક્તિઓ ઉમટી પડવાની શક્યતાઓના આધારે સ્મુહલગ્ન સમિતિએ પણ પૂર્વ તૈયારીઓ રાખી છે.

તલોદ નજીક આવેલ ઉમીયા માતાજી મંદિર ટ્રસ્ટની વાડીમાં ઉભા કરાયેલા આલીશાન શામીયાણામાં મેશ્વાતડ દરજી સમાજનો આઠમો સમુહલગ્ન મહોત્સવ શુક્રવારના રોજ યોજાવાનો છે. આ સમુહ લગ્નમાં કુલ ૨૭ નવદંપતિ પ્રભુતામાં પગલા પાડવાના છે. તેમજ સાબરકાંઠા જિલ્લા ઉપરાંત મુંબઈ, અમદાવાદ, ગાંધીનગર તથા દેશના ખુણેખુણેથી સમાજના બંધુઓ ઉપસ્થિત રહેનાર છે.

આઠમા સમુહ લગ્નોત્સવના પ્રમુખ મંગલદાસ પી. દરજી, મંત્રી ગિરીશ દરજી (ગુજરાતી ફિલ્મી કલાકાર) તથા ખજાનચી રેવનદાસ એન. દરજીએ માહિતી આપતા જણાવ્યું હતું કે આ પ્રસંગમાં કન્યાદાનના ૪૦ દાતાઓએ પૂણ્યનું ભાથુ એકઠું કરેલ છે. જ્યારે ભોજન દાતા તરીકે હમીરગઢવાળા મણીલાલ દરજીએ અન્નદાન શ્રેષ્ઠદાનની તક ઝડપી લઈ સમાજના સર્વાંગી વિકાસમાં ફાળો આપ્યો છે. જ્યારે સમાજના અન્ય દાતાઓએ પણ યથાશક્તિ મદદરૂપ બની આ ભગીરથ કાર્યમાં સહયોગ આપ્યો છે.

મેશ્વાતડ દરજી સમાજના પ્રમુખ બાબુલાલ કે. દરજી તથા અંબાલાલ કે. દરજી ગાંધીનગરવાળા આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેનાર છે. સમાજના મંગલ પ્રસંગે પરિણયના બંધને બંધાયેલા યુગલોને અંતરના આશીર્વાદ આપવા સમગ્ર સમાજ મોટી સંખ્યામાં ઉમટી પડવાનો આશાવાદ રખાઈ રહ્યો છે.

# વડનગરને વર્લ્ડ હેરીટેજની હંગામી યાદીમાં સમાવવા ડોકયુમેન્ટ તૈયાર કરાશે

ગાંધીનગર, તા.૧૭

વડનગરને વર્લ્ડ હેરીટેજની હંગામી યાદીમાં સામેલ કરવા માટે એક સમિતિની રચના કરવામાં આવી હતી અને વડનગરનું વિગતવાર એક ડોકયુમેન્ટેશન તૈયાર કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ થોડા સમય અગાઉ મુંબઈ ખાતે વર્લ્ડ હેરીટેજ ટેન્ટેટીવ લીસ્ટ ઓફ ઈન્ડિયા વેસ્ટઝોન અંગેનો વર્કશોપ યોજાયો હતો.

આ વર્કશોપમાં નિયામકને નાયબ સચિવ દ્વારા કરવામાં આવેલ વડનગરના ઉત્ખનિત સ્થળ તેમજ ઐતિહાસિક નગરને ટેન્ટેવીવ લીસ્ટમાં સામેલ કરવા માટેના કારણો સહિત વડનગરની યુનિવર્સલ આઉટ સ્ટેન્ડીંગ વેલ્યુ અંગે પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું.

સલાહકાર સમિતિએ પ્રેઝન્ટેશનના અવલોકન પછી વડનગરને સંભવિત હંગામી યાદીમાં સમાવિષ્ટ કરવા માટે યુનેસ્કોના ધારા ધોરણ મુજબ આવેદન કરવાનું સૂચન કરેલ આ અંગે આનુષાંગિક કાર્યવાહી હાથ ધરવા માટે યુનેસ્કોની ગાઈડ લાઈન પ્રમાણે સૂચિત સ્થળના વિવિધ સ્ટેક હોલ્ડર્સનું યોગદાન હોવું જરુરી છે તે માટે સ્ટેક હોલ્ડર્સની બેઠક ધરવાની હતી.

આ માટે સૌ પ્રથમ સચિવની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવાનો રાજય સરકારે નિર્ણય કર્યો હતો.

જે અંતર્ગત રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના સચિવના અધ્યક્ષપદે એક સમિતિની રચના કરવામાં આવી હતી. જેમાં મહેસાણાના ડી.ડી.ઓ. પોલિસ અધિક્ષક, પ્રવાસન વિભાગના નાયબ સચિવ નાણા વિભાગના નાણા સલાહકાર, પ્રાંત અધિકારી, પુરાતત્વવિદ ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ અધિક્ષક તેમજ વડનગર નગરપાલિકાના ચીફ ઓફિસરનો સભ્ય તરીકે સમિતિમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

## ભિલોડાના ભવાનપુર ગામેથી બાઈક ચોરાયું

હિંમતનગર, તા.૧૭

ભિલોડા તાલુકાના ભવાનપુર ગામેથી પાર્ક કરેલ મોટર સાયકલ કોઈ ચોર ઈસમો ચોરી કરી લઈ ગયાની ફરિયાદ શામળાજી પોલીસ મથકે નોંધાઈ છે. ભવાનપુર ગામેથી સતીષભાઈ ભીખાભાઈ પટેલની પલ્સર બાઈક નં. જીજે-૯ એ.કે. ૮૮૮૪ ભવાનપુર ગામની હોસ્પિટલમાંથી ગત તા.૧૩મીના રોજ પાર્ક કર્યું હતું. ત્યાંથી ચોર ઈસમો ચોરી કરી લઈ ગયાની ફરિયાદ સતીષભાઈ પટેલે (રહે. ખાંડેલા, તા. ભિલોડા) શામળાજી પોલીસ સ્ટેશને નોંધાતા પી.એસ.આઈ. જે.એમ. વાઘેલાએ વધુ કાર્યવાહી હાથ ધરી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્ષ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ :

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અધતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES APOLLO TYRES

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮